શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ



માર્ચ-એપ્રિલ-૨૦૨૪ વર્ષ ૫૮ સળંગ અંક નં. ૫૦૨

માસિક કિંમત-રૂા. ૧૦/- વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi navyug Email : pancholinavyug@gmail.com

Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

## નવયુગ શુભેચ્છક

## ૧૮મી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી



**સ્વ. રમાબેન બાલુભાઈ પંચોલી - લેસ્ટર યુ.કે.**
**જન્મ : ૨૬.૩.૧૯૫૧ અવસાન ૧૨.૩.૨૦૦૬**

તમારો ધાર્મિક વૃત્તિવાળો માયાળુ સ્વભાવ,
કૌટુંબીક ભાવના, પ્રેમ અને તમારા આદર્શ ગુણો અમે જીવનમાં ભુલી શકીશુ નહીં. તારી હિંમત અને સહનશીલતા વાળુ જીવન અમારા જીવન માટે એક સંદેશ છે.
તમારા જેવા ફુલો ખરે છે અને એની સુવાસ મુકી જાય છે.
તમે જ્યાં હો ત્યાં તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના......

### અર્પણકર્તા

*શ્રી બાલુભાઈ જીણાભાઈ પંચોલી*
*શ્રી શૈલેષ બાલુભાઈ પંચોલી*
*શ્રીમતિ મનિષા શૈલેષ પંચોલી*

*આયવંત ડી'કોષ્ટા પ્રીતિ ડી'કોષ્ટા*
*ચિ. મેઈસી*

15 Locke Avenue, Leicester, LE4 - 7RZ (U.K.)
Tel : 0116 - 2681475

## નવયુગ શુભેચ્છક

## હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. પુષ્પાબેન અમૃતલાલ મિસ્ત્રી**
**જન્મ : ૦૬.૧૨.૧૯૪૭ સ્વર્ગવાસ : ૧૮.૦૨.૨૦૧૬**

**સ્વ. અમૃતલાલ ઈચ્છારામ મિસ્ત્રી**
**જન્મ : ૦૩.૦૯.૧૯૩૯ સ્વર્ગવાસ : ૨૨.૦૯.૨૦૧૯**

આપના માયાળુ મિલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના અને ધાર્મિકવૃત્તિ, આપની કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા અને તનતોડ મહેનત કરવાના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી. પરમ કૃપાળુ પરમાત્મા આપની આત્માને પરમ શાંતિ આપે એવી પ્રભુ પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ.

### અર્પણકર્તા

**શ્રી નૈનેશ અમૃતલાલ મિસ્ત્રી**
**શ્રીમતિ પરેશા નૈનેશ મિસ્ત્રી**
**ચિ.ઉદય ચિ. જીત**
**ચિ. ભાવિકા ચિ. યશ**

**16/A-304, Arjun Smruti CHSL,**
**New Link Road, Shastri Nagar,**
**Goregaon West, Mumbai-400104**
**Mobile: 9768029263 / 9819369323**

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
# હૃદયાંજલી



**સ્વ. પ્રશાંતભાઈ વિઠ્ઠલભાઈ ગાંધી**
**સ્વર્ગવાસ તા. ૦૨.૦૪.૨૦૨૪,**

પ્રશાંતભાઇ ગાંધી એટલે બહુમુખી વ્યક્તિત્વ... નવયુગના પ્રથમ તંત્રી- મહામંડળના પ્રમુખ, મહામંડળના મહામંત્રી, મહામંડળ સંચાલિત સમાજ સુરક્ષા યોજના ના અધ્યક્ષ, મહામંડળની વધુમાં વધુ પોષ્ટ પર રહી પોતાનું કૌશલ્ય બતાવી મહામંડળને પ્રગતિના શિખરો સર કરાવવાનું શ્રેય એમના ફાળે જાય છે. પ્રશાંતભાઈ એટલે મહામંડળ કહીએ તો ખોટુ નથી... એ હતુ મહામંડળનું રતન...

એમના નિધનથી મહામંડળે એક આજીવન કાર્યકર્તા ગુમાવ્યો છે...

જીવનમાં હરપલ હસતા રહ્યાં,

આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં ઉત્તમ જીવન જીવી ગયા...

સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા....

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.....

**અર્પણકર્તા**

**શ્રી ભરતભાઈ સી. પંચોલી** — **પ્રમુખ**

**શ્રી જયેશભાઈ સી. પંચોલી** — **માનદ્ મહામંત્રી**

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**
**ના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો અને સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો**


પંચોલી નવયુગ શુભચિંતક શ્રી અમૃતભાઈ વલ્લભભાઈ પંચોલી વ્યારા શ્રી નવિનચંદ્ર ઠાકોરલાલ ગાંધી વ્યારા

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તથા તેની સંલગ્ન સંસ્થાઓને મળેલ

# માતબર દાન



**સ્વ. શ્રી સન્મુખલાલ વાડીલાલ ગાંધી**
**સ્વ. તા. ૨૮.૦૬.૧૯૯૦**
**નવાપુર**



**સ્વ. શ્રી કિરીટભાઈ સન્મુખલાલ ગાંધી**
**સ્વ. તા. ૦૭.૦૪.૧૯૯૪**
**નવાપુર**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને

**સ્વ. શ્રી સન્મુખલાલ વાડીલાલ ગાંધી** તથા **સ્વ. કિરીટભાઈ સન્મુખલાલ ગાંધી**

ના સ્મરણાર્થે વ્યારા નિવાસી ગં.સ્વ. સુશીલાબેન ગાંધી અને શ્રી દિપકભાઈ એસ. ગાંધી પરિવાર તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૫૧,૦૦૦/- વિધવા નિરાધાર સહાય માટે વ્યાજ વપરાશ ફંડ તરીકે મળ્યા છે.

આ માતબર દાન બદલ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દાતાશ્રીઓનો આભાર માને છે..

ગં.સ્વ. સુશીલાબેન સન્મુખલાલ ગાંધી

શ્રી વિજયભાઈ સન્મુખલાલ ગાંધી    સરોજબેન વિજયભાઈ ગાંધી

શ્રી દિપકભાઈ સન્મુખલાલ. ગાંધી    તેજલબેન દિપકભાઈ ગાંધી

ધ્રુમિલ દિપકભાઈ ગાંધી    હર્ષ વિજયભાઈ ગાંધી

કાનપુરા - વ્યારા

### અમો અભારી છીએ....

**શ્રી ભરતભાઈ સી. પંચોલી**
**પ્રમુખ**

**શ્રી જયેશભાઈ સી. પંચોલી**
**માનદ્ મહામંત્રી**

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના હોદ્દેદારો ટ્રસ્ટીશ્રીઓ, અને સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો અને કારોબારી સભ્યો**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## માર્ચ-એપ્રિલ-૨૦૨૪

તમસો માં જ્યોતિર્ગમય

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રીનોંધ



વ્હાલા જ્ઞાતિજનો...

કુશળ હશો....

ઉનાળાની કડકડતી ગરમી શરૂ થઇ ગઇ છે.. સૂરજ દેવ પણ દયા કર્યા વગર આકરા થઇ રહ્યા છે...હજુ એપ્રિલમાં આટલી ગરમી તો મે મહિનામાં કેટલી ? આ ગરમીને ધ્યાનમાં રાખી ઘરમાં જ રહેશો... બહાર નીકળવાનું ટાળજો.. વધુ પાણી પીજો અન સ્વસ્થ રહેજો...

બાળકો આ અંક મળશે રીઝલ્ટો શરૂ થઇ ગયા હશે... પાસ થાય એને અભિનંદન અને ફેલ થનારે નિરાસ થવાની જરૂર નથી...ફેલ થયેલ વિષયમાં માં વધુ મહેનત કરી આગળ વધીશું...સફળતા આપની પાસે જ હશે....

વેકેશન પણ શરૂ થઇ જશે... ધ્યાન રાખશો ગરમીમાં ઘરમાં રહી મનગમતી એકટીવીટી કરશો... મોબાઇલથી દૂર રહીને... આપનામાં રહેલી શકિતને વિવિધ કાર્યોમાં જોતરી વિકાસ કરશો.... જે જીવનમાં ઘણી જ ઉપયોગી બની રહેશે..

પંચોલી સમાજના નભમંડળમાંથી એક પ્રશાંતભાઇ ગાંધી રૂપી તારલો ખરી પડયો....

પ્રશાંતભાઇ ગાંધી એટલે બહુમુખી પ્રતિભા... નવયુગના પ્રથમ તંત્રી- મહામંડળના પ્રમુખ, મહામંડળના મહામંત્રી, મહામંડળ સંચાલિત સમાજ સુરક્ષા યોજના ના અધ્યક્ષ, મહામંડળની વધુમાં વધુ પોષ્ટ પર રહી પોતાનું કૌશલ્ય બતાવી મહામંડળને પ્રગતિના શિખરો સર કરાવવાનું શ્રેય એમના ફાળે જાય છે. મહામંડળ અને સમાજ સેવા એમની ગળથુથીમાં વણાયેલા હતા.... પ્રશાંતભાઇ એટલે મહામંડળ કહીએ તો ખોટુ નથી... મહામંડળ સાથે વ્યારા સમાજને પણ વધુ ને વધુ પ્રગતિ કરાવી છે....

આવી બહુમુખી પ્રતિમા આપણી વચ્ચે થી ભલે વિદાય લીધી પરંતું એમના કાર્યો રૂપી યાદોનો ગુલદસ્તો સદા મહેકતો રહેશે.....એમના સ્વજનો પણ આવી પડેલ

આકસ્મીક આઘાત સહન કરવાની શકિત અર્પે એજ પ્રાર્થના

મહામંડળ ગ્રુપમાં તથા ઈ-નવયુગ ગ્રુપમાં ફેબ્રુઆરી માસમાં સમાજના દરેક ગામોમાં આપણાં પંચોલી કુટુંબો વસેલા છે અને કેટલી વસ્તી છે તે જાણવાના હેતુથી ગુગલ ફોર્મ લીંક કરી મોકલેલ છે. તો દરેક જ્ઞાતિજનોને વિનંતી કે આ ફાર્મ ભરશો... તો પંચોલી સમાજની વસ્તી જાણી શકીશું અને પંચોલી નવયુગ માટે પણ આ સહાયરૂપ બનશે આથી સત્વરે ફોર્મ ભરશો એવી આશા રાખું છું.

આ અંકનુ મુખપૃષ્ઠ આપણા જુના અને જાણીતા ગુર્જર કલા રત્ન જયેન્દ્રભાઇ પંચોલીની પીછીના કામણ છે... એમની નવયુગ પ્રત્યેની સેવા સરાહનીય છે.. એમણે પ્રથમ નવયુગ થી કેટલાય નવયુગના મુખપૃષ્ઠ નવયુગને આપ્યા છે.... અને દર મહિને પ્રોત્સાહિત કરતો એક પત્ર તંત્રીશ્રીને અવશ્ય આવે જ છે.... એ બદલ એમનો આભારી છું... વારંવાર એમની કલાના દર્શન કરાવતા રહે એવી આશા રાખું છું... . અસ્તુ

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલયકુમાર ડી. મિસ્ત્રી-સહતંત્રી
શ્રી પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

ભરતકુમાર સી. પંચોલી-વ્યારા
પ્રમુખ-શ્રી પં.સે.સ.મહામંડળ



વ્હાલા જ્ઞાતિજનો...

કુશળ હશો....

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના નવયુગના પ્રથમ તંત્રી અને મહામંડળની સ્થાપનામાં સહભાગી એવા મુરબ્બી વડીલ શ્રી પ્રશાંત કાકાનું ૮૮ વર્ષની વયે નિધન થયું એમની સમાજ સેવા કરવા માટે હંમેશા તત્પરતા અને સમાજ મા જ્ઞાતિજનો માટે કાંઇક કરવું એવી વિચારસરણી સાથે એમનું જીવન પૂર્ણ કર્યુ. નવયુગ તથા સમાજ સુરક્ષા યોજના માટે તેઓએ ખૂબ જ સફળતા પ્રર્વક કામગીરી કરી એમની યાદ આપણને હંમેશા રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા મુ. વડીલશ્રી પ્રશાંતકાકાના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના...

માર્ચ-એપ્રિલ માસ એટલે વિદ્યાર્થીઓની પરીક્ષાની મૌસમ. ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓએ સારી રીતે પરીક્ષા આપી હશે. તેઓ સુંદર પરિણામ મેળવી ઉજ્જવળ કારકીર્દી બનાવે એવી શુભેચ્છા...

મહામંડળ ગ્રુપમાં તથા ઈ-નવયુગ ગ્રુપમાં ફેબ્રુઆરી માસમાં સમાજના દરેક ગામોમાં આપણાં પંચોલી કુટુંબો વસેલા છે અને કેટલી વસ્તી છે તે જાણવાના હેતુથી ગુગલ ફોર્મ લીંક કરી મોકલેલ છે. જેનો ૩૧-૩-૨૦૨૪ સુધીનો રીપોર્ટ પણ જાહેર કરેલ છે. જ્ઞાતિજનો પોતાની સમાજ પ્રવૃત્તીની આ એક સેવા છે. એવું સમજી મોબાઇલ મારફત ઘર બેઠા કામગીરી કરવાની છે. તો તેમાં આળસ ન કરતા આ કાર્યમાં સહકાર આપે એવી આશા રાખું છું.

બર્મિંગહામ યુ.કે. ના શ્રી ધીરજલાલ ભગવાનદાસ પંચોલી તરફથી મહામંડળને સ્ટીલનો કબાટ ભેટ મળ્યો છે. તો એમનો જ્ઞાતીજનો વતી આભાર માનું છું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને સ્વ. સન્મુખલાલ વાડીલાલ ગાંધી તથા સ્વ. કિરીટભાઇ સન્મુખલાલ ગાંધી(નવાપુરવાલા) ના સ્મરણાર્થે ગં.સ્વ. સુશીલાબેન એસ. ગાંધી(વ્યારા) અને શ્રી દિપકભાઇ એસ. ગાંધી તથા પરિવારજનો તરફથી વિધવા નિરાધાર(વ્યાજ વપરાશ) ફંડમા રૂા. ૫૧,૦૦૦/-નું દાન મળ્યુ છે. દાતાશ્રીનો ખુબ ખૂબ આભાર....

જય પંચોલી સમાજ

# સ્વ. પ્રશાંતભાઈને હાર્દિક શ્રધ્ધાંજલી





પ્રશાંતકાકા એક વિરલ વ્યકિતત્વ. હસતો ચહેરો અને મિલનસાર સ્વભાવ એમની આગવી ઓળખ.

પ્રશાંતકાકા વિશે કહું તો સમાજ સેવામાં હંમેશા અગ્રેસર, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સ્થાપના અને મહામંડળનો સંદેશો ઘરોઘર સુધી પહોંચાડવાની સેવા, 'પંચોલી નવયુગ' ના સૌ પ્રથમ તંત્રી તરીકે પ્રશાંતકાકાએ નવયુગને વ્યવસ્થિત પગભર અને લોકપ્રિય બનાવ્યું. તેના તંત્રી તરીકે ૧૯૬૨ થી ૧૯૬૭ સુધી સેવા આપી બાળ નવયુગને ખેલતું કુદતું કર્યું. મહામંડળના દશાબ્દિ વર્ષમાં ૧૯૭૧ થી ૭૨ ના વર્ષમાં મહામંત્રી તરીકેની જવાબદારી ભરી પદવી સ્વીકારી મહોત્સવ સફળ બનાવ્યો. શરૂઆતનાં વર્ષો માં મહામંડળ તરફ જ્ઞાતિજનોને આકર્ષવા રૂબરૂ મુલાકાતો કરી. ૧૯૭૭/૭૮માં પ્રમુખ તરીકે વડોદરા અધિવેશનનું આયોજન કર્યું. તેઓ સ્વ. સી.ટી.સ્મારક નિધિના ખજાનચી પણ રહ્યા.






પંચોલી સમાજ સુરક્ષા યોજના ના પ્રણેતા અને ૧૯૯૪ થી ૨૦૦૫ સુધી અધ્યક્ષ તરીકે સુંદર કરામગીરી કરી સફળતા પૂર્વક પાર પાડી. મહામંડળના ટ્રસ્ટી તથા ખજાનચી બોર્ડના સભ્ય તરીકે પણ રહ્યા.




પ્રશાંતકાકા સાથે કામગીરી કરવા માટે મને પણ લાભ મળ્યો તેમની સાથે કામગીરી કરતા મને પોતાને એમનું માર્ગદર્શન મળ્યુ જેનાથી આજદીન સુધી મહામંડળ સાથે સંકળાયેલો છું. એમની કામ કરવાની ચોકસાઇ એ એમની પાસેથી શીખવાની તક મળી જે હંમેશા યાદ રહેશે.



પ્રશાંતકાકા એમના સમાજ સેવાના સ્વભાવ થકી શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાના ટ્રસ્ટી તરીકે તથા જુદા જુદા હોદ્દાઓ સંભાળી વ્યારા સમાજને પણ તેઓ મદદરૂપ થયા. ઉપરાંત કહુ તો વ્યારાના હરિહરેશ્વર મહાદેવ, મનકામેશ્વર સ્મશાન ગૃહ, તથા સીનીયર સીટીજન કલબમાં જીવન પર્યંત નિયમિત હાજરી આપી તેમની સેવાકીય પ્રવૃત્તિ કરી.... એવા પ્રશાંતકાકાને અંતરથી હૃદયાંજલી.

ભરતભાઇ સી. પંચોલી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## થોડા સ્નેહભીના સ્મરણો..



અતીતની ઝંખના, સ્મરણ લીલા સાથે.. નાની નાની ઘટનાઓ, સ્મૃતિઓ આપણને કયાંથી કયાં લઈ જતી અનુભવાય એવી સ્મૃતિઓના પલાશ વનમાં ભ્રમણ....સ્મરણ પટ પર, ૧૯૫૮ની મઘમઘતી સવાર.. નવેક વાગ્યાનો સમય.. ત્યારે **SSC** પરીક્ષા માટે વડોદરા જવું પડતું... સામેથી ટહુકો.. ભાઈલા અહીં કયાંથી ? જોયુ તો પદમાબેન.. થોડી વાર પછી બોલ્યા આવ.., તને સરપ્રાઇઝ આપું.. સામેથી યુવાન મસ્ત ઝુલ્ફા અને તેજસ્વી આંખો અને ગોરું બદન પછી કહ્યું આ પ્રશાંત ..વ્યારા, અમારું જીવન એમની સાથે અમે કહ્યું વાહ ! સમયને જતાં કયાં વાર લાગે કાળ પ્રવાહમાં સમય અવનવું ચિત્રાંકન કરી વર્ષોની મજલ કાપી રહેતો અનુભવાય.

આવું પ્રશાંતભાઈને યાદ કરતા અનુભવાય.. આખું કુટુંબ સમાજ સેવામાં, રાષ્ટ્ર સેવામાં સમર્પિત.. મહામંડળ સ્થપાયું ત્યારે સમાજના મુખપત્ર 'પંચોલી નવયુગ'ની જવાબદારી સ્વીકારી ઉમંગભેર સ્વપ્ન સાકાર કર્યુ. આ લખનાર પણ એમાં જોડાયા.. મારી આવડત અને કલાનો ઉપયોગ. સમયાંતરે, પંચોલી સમાજનો ઈતિહાસ અથથી ઈતિ લખવાનું બન્યું. કમિટીમાં અમે બન્ને મહિના વર્ષોની જહેમત રંગ લાવી. એક સવારે ફોન ટહુકયો.. તુ વ્યારા આવીજા આપણે મેટર ફાયનલ કરી પ્રેસમાં પહોંચાડીએ... એક અદ્ભુત અઠવાડિયુ.. દરરોજ ચારપાંચ કલાક બધું વાંચી પ્રેસ લાયક કર્યુ. ત્યારે અનુભવાયું કે કયાંય સંપત્તિનો ચળકાટ નહી... કે સેવાની જાહેરાત નહીં... પછી, મહામંડળને લીધે ઘણી વાર મળાયુ એજ ઉત્સાહ...લાગણી.

કોઈપણ પ્રસંગને સહજતાથી લેવાની એમની આગવી પધ્ધતિ. પદમાબેનના જવાથી જીવનચક્ર નો એક આરો ખોવાયો સમીનીયર સીટીજનમાં એકટીવ બની સંસ્થાને પલ્લવિત કરી.

કયારેક મોબાઇલ કલીપમાં ફોટો શેર કરે.. લખે : જુઓ મારું નવુ ટી શર્ટ, ત્યારે થાય કે આ માણસ કેટલો બધો એકટીવ રહી શકે છે.. આશ્ચર્ય જરૂર થાય. જીવનને જેણે મન મસ્ત, મદમસ્ત બની ચાહ્યું, દરેક અવસ્થાને મસ્તીથી જાણી - માણી અને પ્રમાણી... તેમને મળતી વ્યકિતને થાય સરળતા...સહજતા તે આનું નામ...

હવે બધુ સ્મરણ પટ પર ઝળહળ્યા કરશે... ત્યારે કહેવાનું મન થાય કે...

'બધા દૃશ્યો એમ જ વિલીન થૈ ગયાં,
રહી માત્ર સ્મૃતિ, રણઝણતી ક્ષણો....'

(signature) પંચોલી-અમદાવાદ



શ્રી પ્રશાંત ભાઈ ગાંધી સમાજ ના અગ્રગણ્ય સેવાભાવી, સમાજ પ્રત્યે ભાવનાશીલ તેમજ હસમુખા સ્વભાવ ના હતા. તેઓએ યુવા વયે "નવયુગ" ની લેખિત હસ્તપ્રતો કાઢી સમાજને સમાચારો પહોચાડવાની પહેલ કરી હતી. આ રીતે પંચોલી નવયુગ ના પ્રણેતા કહી શકાય. ત્યાર પછી તેમણે "નવયુગ" ના તંત્રી તરીકે પણ ઉત્તમ સેવા આપી હતી. તેમણે મહામંડળના પ્રમુખ તરીકે પણ ફરજ અદા કરી હતી. તેમણે સમાજ ના પ્રશ્નો હલ કરવામાં તેમજ સમાજ ના વિકાસ મા અગ્ર ફાળો હતો. તેઓ ના અવસાન થી સમાજ ને સેવાભાવી વ્યક્તિ ની ખોટ પડી છે. તેઓ સમાજ માં કાયમી સુવાસ મુકી ગયા છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે તેમજ તેમના કુટુંબીજનો ઉપર આવેલ આઘાત ને સહન કરવાની શકિત આપે. એ જ પ્રભુ પાસે અભ્યર્થના.

ડો. સૂર્યકાંત પંચોલી
પૂર્વપ્રમુખ, મહામંડળ. વડોદરા.



નવયુગના પ્રથમ તંત્રી, સમાજ સુરક્ષા યોજના ના જનક અને મહામંડળના આજીવન કાર્યકર્તા , મહામંડળના ટ્રસ્ટી એવા પ્રશાંત કાકા હવે આપણી વચ્ચે નથી મહા મંડળે પ્રશાંત કાકા ના સ્વરૂપે એક અમૂલ્ય રત્ન ગુમાવ્યું છે. હું પ્રશાંત કાકા ના સંપર્કમાં છેલ્લા લગભગ 30 વર્ષથી હતો, તેઓનો કોઈપણ વ્યક્તિ સાથે કોઈ પ્રકારના વિવાદ મારા ધ્યાને નથી. આ તેઓના સ્વભાવનો એક જમા પાસું છે સુરત એકમ આયોજીત ગોલ્ડન જ્યુબીલી અધિવેશનમાં ઘણા નજીકના વ્યક્તિઓની અન ઉપસ્થિતિ વચ્ચે તેઓની ઉપસ્થિતિ અમારા સૌ માટે ખૂબ જ પ્રેરણાદાઈ રહી હતી.તેઓના જવાથી તેઓના સ્વજનો સિવાય, વ્યારા એકમ અને મહામંડળ માં તેઓની જગ્યા સદાય ખાલી રહેશે, તેઓએ મહામંડળ માટે અનેક સ્વપ્નો જોયા જેમાંથી કેટલાક ફળીભૂત પણ થયા,પણ અંતે સ્વપ્ન જોનાર તેની આગળ ચાલી ગયો ક્યાંક અન્યત્ર સાકાર કરવા. આ સમયે આનંદ ફિલ્મનું ગીત યાદ આવે છે....એક દિન સ્વપ્નો કા રાહી ચલા જાય સ્વપ્નો સે આગે કહા .......અલવિદા પ્રશાંતકાકા...



પ્રશાંતભાઇ વિઠ્ઠલભાઇ ગાંધીના અવસાનથી પંચોલી સેવા સમાજ મહામંડળે બહુર્મુખી વ્યક્તિત્વ ધરાવતા અને મહામંડળની દરેક પ્રવૃતિઓમાં ઓતપ્રોત રહેનાર વ્યક્તિની ખોટ પડી છે. પ્રભુ સદ્ગતના આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના..

ફેબ્રુઆરી ૧૯૮૯માં સુરત મુકામે મળેલી મહામંડળની સામાન્ય સભામાં મહામંડળનું વિસર્જન કરવાનો ઠરાવ રજુ થયો હતો. ત્યારે પ્રશાંતભાઇએ અને અરવિંદભાઇ પંચોલીએ દિર્ઘદ્રષ્ટિ વાપરી મને પ્રોત્સાહિત કરી મહામંડળના પ્રમુખ બનવા માટે મને બળ આપ્યું. અને દરેક કાર્યમાં મદદ કરવાની ખાત્રી આપી. એ ખાત્રીનું અક્ષરસહ પાલન કરી હું મહામંડળનો પ્રમુખ રહ્યો તે દરમ્યાન વિવિધ જવાબદારી ઉપાડી દરકે કાર્યોમાં, વિવિધ એકમોની મુલાકાત લેવામાં તથા ફંડફાળો એકત્ર કરવામાં ખૂબ જ મદદરૂપ થયાં. મહામંડળના વિવિધ હોદ્દાઓ જેવાકે મહામંડળના પ્રમુખ, મહામંત્રી, સમાજ સુરક્ષા યોજનાના અધ્યક્ષ, તબીબી સેવા સંકુલના અધ્યક્ષ, સી.ટી.સ્મારકનિધિના અધ્યક્ષ, પંચોલી નવયુગના સ્થાપક તંત્રી અને મહામંડળના ટ્રસ્ટી અને વિવિધ કમિટીમાં સભ્ય બની ખૂબ સક્રિય રહી સફળતા પ્રાપ્ત કરી.

સમાજ સેવા એમના લોહીમાં વારસાગત હતી. સમાજ માટે કાઈક નવુ કરવા માટે હરહંમેશ ઉત્સાહિત રહેતા, સમાજ સુરક્ષા યોજના અંગે વિવિધ સમાજની યોજનામાંથી સંશોધન કરી આપણાં સમાજને અનુકુળ આવે એવી યોજનાની વિસ્તૃત ચર્ચા કરી અમલમાં મુકી, મહામંડળનું ટ્રસ્ટ બનાવી રજીસ્ટ્રેશન કરાવી મહામંડળના નામે બેંક ખાતુ ખોલાવવાની તજવીજ કરી.

પંચોલી નવયુગને લોક ભોગ્ય બનાવવા હંમેશા વિચારશીલ રહ્યા. પંચોલી અધિવેશન જે વર્ષોથી બંધ હતા તે ફરીથી શરૂ કરી દર બે વર્ષે વારાફરતી બધા એકમોમાં યોજવા માટે પ્લાનીંગ કર્યુ. દરેક સુચનોને પોઝેટીવ રીતે વિચારી આગળ વધવા ઉત્સાહિત કરતા.

એક જ પરિવારમાંથી ત્રણ ત્રણ મહામંડળના પ્રમુખ બનવાનું શ્રેય ગાંધી પરિવારને જાય છે. સૌથી વધુ સામાન્ય સભામાં હાજર રહેવાનો રેકોર્ડ પણ કદાચ પ્રશાંતભાઇને નામે જાય છે.. વ્યારા પંચોલી સમાજમાં પણ વિવિધ હોદ્દાની ફરજો વફાદારી પૂર્વક નીભાવી હતી.. હરીહર મહાદેવ ટ્રસ્ટ, સીનીયર સીટીઝન કલબ તથા વિવિધ સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા રહ્યા.

તેઓ ખાવાના, ફેશનના, ફરવાના અને પહેરવેશના શોખીન હતાં. લેખક તથા કવિ પણ હતાં. છેલ્લા વર્ષોમાં મોબાઇલ પ્રેમે તેમને સહારો આપ્યો હતો. તેઓ એમનું જીવન આદર્શ રીતે છોડી ગયા છે..

જીવનમાં હરપલ હસતા રહ્યાં,
સ્નેહથી સૌને હૈયે વસતા રહ્યાં
આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં,
ઉત્તમ જીવન જીવી ગયા...
સર્વજી સુવાસ ફેલાવી સંભારણા
સૌના દિલમાં રાખી ગયા.....
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....

ડો. મહેશભાઇ મિસ્ત્રી.-માજી પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# સમસ્ત શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા
# શ્રધ્ધાંજલી



**સ્વ. પ્રશાંતભાઈ વિઠ્ઠલભાઈ ગાંધી**
**સ્વર્ગવાસ તા. ૦૨.૦૪.૨૦૨૪, મંગળવાર**
**ઉ.વ. : ૮૮**

તમારુ જીવન અમારી પ્રેરણા હતી, તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા.
અમે તમારું સાદુ જીવન, દયાળુ સ્વભાવ અને સમાજ પ્રત્યેની લાગણી
ક્યારેય ભુલીશું નહી.....
ભગવાન તમારા પવિત્ર આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**અર્પણકર્તા**

| | | |
|---|---|---|
| રાજેશભાઈ ડી. પંચોલી | જયેશભાઈ ડી.. પંચોલી | ભદ્રેશભાઈ એચ. મિસ્ત્રી |
| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રીશ્રી |

**ટ્રસ્ટીશ્રીઓ**

નિતીનભાઈ ગાંધી –નવીનભાઈ પંચોલી–ભરતભાઈ પંચોલી – મનિષભાઈ પંચોલી
તથા સમસ્ત કારોબારી સભ્યશ્રીઓ....
સ્વર યુથ તથા પ્રગતિ મહિલા મંડળ અને સમસ્ત પંચોલી જ્ઞાતિ સમાજ–વ્યારા

# સુ..સ્વાગતમ્
# હાર્દિક શુભેચ્છાઓ....



**ચિ. દ્વિશ** — **જન્મ તા. ૦૭.૦૨.૨૦૨૪**

**ચિ. ધ્યાન** — **જન્મ તા. ૦૭.૦૨.૨૦૨૪**

શ્રીમતિ દિવ્યા મયંક પંચોલી-યુ.કે. તથા શ્રી મયંક પ્રફુલચંદ્ર પંચોલી-યુ.કે.
ના જીવનબાગમાં ખીલેલા પુષ્પો

**ચિ. દ્વિશ - ચિ. ધ્યાન**

અમારા બાગમાં મહેકતાં રહો.... ચહેકતા રહો....
અમારા પરિવારમાં આપનું સ્નેહભર્યું સ્વાગત છે....
પ્રભુ આપને તંદુરસ્ત અને નિરોગી રાખે... અને જીવનના ઉચ્ચ શિખરો સર કરો
એવી પ્રાર્થના સહ શુભેચ્છાઓ...

**આપના**
**સ્વ. પ્રફુલચંદ્ર ઉર્ફે રાજેશકુમાર મોહનલાલ પંચોલી-માંડવી**

યાજ્ઞિકકુમાર હેમંતભાઈ ગજ્જર-યુ.કે.
ભુમીબેન યાજ્ઞિકકુમાર ગજ્જર-યુ.કે.
નરેન્દ્રભાઈ મોહનલાલ પંચોલી-માંડવી
ગીતાબેન નરેન્દ્રભાઈ પંચોલી-માંડવી
હેમંત-અલૌકી, દિપેશ-દક્ષા
શીતલ-રિતેશકુમાર

ધીરજલાલ મોહન મેરાઈ-યુ.કે.
મોનલબેન ધીરજલાલ મુરાઈ-યુ.કે.
શૈલેષભાઈ મોહનલાલ પંચોલી-માંડવી
બીનાબેન શૈલેષભાઈ પંચોલી-માંડવી
આયુષ,
રીયા-શિવમકુમાર

## પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી

થાક ઘણો હતો ચહેરા પર પણ,
અમારી ખુશી માટે અનહદ પરીશ્રમ કરતાં જોયા
આંખમાં ઉંઘ હતી ઘણી છતાં પણ,
ચિંતામાં જાગતા જોયા
તકલીફો ચારે બાજુથી હતી પણ,
હિંમત હાર્યા વગર એકલા હાથે લડતાં જોયાં છે.
કોઈને તકલી વર્ણવતા ન હતા, પણ અડધી રાતે
ખુલી આંખે, અમારા ભવિષ્યના સ્વપ્ના સજાવતા જોયા છે.
પાઈ પાઈ ભેગી કરી અમારી ખુશી ખરીદતા જોયા છે.
એ ખુશી માટે પોતાના શમણાંઓને રોળતા જોયા છે.
પોતાની પસંદગસનેના પસંદ કરી,
અમારી પસંદગીને અપનાવતા જોયા છે.
વ્યકિત એક હતાં પણ વિશેષતાઓ અનેક હતી,
પિતા સ્વરૂપે સર્જનહારને જોયા છે..
આપને પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ
હાર્દિક શ્રધ્ધાંજલી



**સ્વ. નિલેશભાઈ ગણેશભાઈ મિસ્ત્રી**
જન્મ તારીખ : ૩/૫/૧૯૬૬. સ્વર્ગવાસ તારીખ:૪/૩/૨૦૨૩.
૧૦૫, ગીરીરાજ સી.એચ.એસ., રાજેન્દ્રન કોમ્પલેક્ષ,
સી.એસ. ૨?૬, દહીસર-મુંબઈ ૪૦૦૦૬૮
Mo /7977807899

**અર્પણકર્તા**
ગં.સ્વ. ખ્યાતિ નિલેશ મિસ્ત્રી (પત્ની)
દર્શિલ નિલેશ મિસ્ત્રી (પુત્ર)
રાજ નિલેશ મિસ્ત્રી (પુત્ર)

### શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનો નવો એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ' ના નામે બેંક ઓફ બરોડા-વ્યારા શાખા,
**A/c. No. : 02690100010065,**
**IFSC Code : BARB0YYARAX**
(પાંચમો અંક ઝીરો છે)
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો..
મહામંત્રી : જયેશભાઈ સી. પંચોલી-રાજપીપલા

### શ્રી પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** A/C **પંચોલી નવયુગ** ના નામે બેંક ઓફ બરોડા-અંકલેશ્વર ના સેવિંગ્સ ખાતા ન
**02210100057495, IFSC : BARB0ANKLES**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.
તંત્રી : દિનેશભાઈ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર
(**IFSC CODE** માં પાંચમો ડીજીટ ઝીરો છે..)



Name : **jaykumar**
Birth Date : 29.09.1990
B.Place : Bahadarpur
Birth Time : 3.00 Am.
Hight : 156 Cm.
Father : Sureshchandra Naginlal Pancholi
Mother : Daxaben
Siblings : Brother- Kaushik (Un Married)
Sister- Dhartiben (Married)
Education : P.T.C., I.T.I. (Electrician)
Job : MGVCL(Govt.) Electrician Assistant
Address : Limdi Bazar, Tejgadh,
Dist. Chhotaudepur
Mo. : 96621 24569 / 98750 87811



**સ્વ. રતિલાલ હરકિશનદાસ પંચોલી**
**જન્મ : તા. ૨૭.૦૮.૧૯૪૧**
**સ્વર્ગવાસ : તા. ૦૮.૦૪.૨૦૧૯**
**ચૈત્રસુદ-૩ને સોમવાર**

## પાંચમી પૂણ્યતિથિએ
# શ્રધ્ધાંજલી

શૂન્યમાંથી સર્જન કરી કુટુંબ માટે સદા હસતા રહ્યા...
પ્રભુ આપના આત્માને પ્રથમ પૂણ્યતિથિએ
પરમશાંતિ સહ સદ્ગતિ અર્પે એજ પ્રાર્થના

### અર્પણકર્તા

ગં.સ્વ. ઈન્દિરાબેન રતિલાલ પંચોલી
શ્રી જનકેશભાઇ રતિલાલ પંચોલી-83201 32454
શ્રીમતિ જયાબેન જનકેશભાઇ પંચોલી
ચિ. આરૂષ - ચિ. કેયા જનકેશ પંચોલી
શ્રી અલકેશભાઇ રતિલાલ પંચોલી-88665 11007
શ્રીમતિ ભાવનાબેન અલકેશભાઇ પંચોલી
ચિ. આરોહી અલકેશભાઇ પંચોલી
શ્રીમતિ માલિનીબેન નિતેશકુમાર પંચોલી
શ્રી નિતેશકુમાર જમીયતભાઇ પંચોલી
ચિ. અક્ષર નિતેશકુમાર પંચોલી

ચૌટાબજાર, પોલીસ સ્ટેશન સામે, વૈશાલી સ્ટોર સામે,
અંકલેશ્વર, જિ. ભરૂચ

# એલ.સી. સોશ્યલ ગ્રુપ



સ્વ. છગનલાલ ત્રિ. મિસ્ત્રી

Lalitaben Chhaganlal (L.C.) Social Group



સ્વ. લલિતાબેન સી. મિસ્ત્રી

**પ્રતિકભાઇ એચ. પંચોલી-બીલીમોરા(હાલ કેનેડા) તરફથી રૂા. ૧૧,૧૧૧/-તથા શ્રીમતિ પલ્લવીબેન જીતેન્દ્ર મિસ્ત્રી-અમદાવાદ તરફથી સ્વ. અંજના જે. મહેતાના સ્મર્ણાર્થે રૂા. ૫,૦૦૦/- એલ.સી. સોશ્યલ ગ્રુપને ભેટ મળ્યા છે.. બન્ને દાતાશ્રોઓનો દિલથી આભાર માને છે.**

**એલ.સી. સોશ્યલ ગ્રુપ માંથી મદદ મેળવવા માટેના ફોર્મ વેબ સાઈટ પર ઉપલબ્ધ છે. મદદ માટે અને અન્ય મદદ માટે હોદ્દેદારોનો સંપર્ક કરવા વિનંતી..**

| પ્રમુખ | મંત્રી | ખજાનચી |
| --- | --- | --- |
| શ્રી હેમંત સી. મિસ્ત્રી | શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી | શ્રીમતિ ભારતી હેમંત મિસ્ત્રી |
| M.: 9924211022 | M.: 9825081359 | M.: 9714799022 |

# શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ

## અનુકરણિય



સ્વ.ચંપકલાલ નગીનદાસ રૂવાલા



ગં.સ્વ. જસવિદ્યાબેન ચંપકલાલ રૂવાલા

સુરત નિવાસી **સ્વ.ચંપકલાલ નગીનદાસ રૂવાલા**ના સ્મરણાર્થે
**ગં.સ્વ. જસવિદ્યાબેન ચંપકલાલ રૂવાલા** તથા પરિવાર તરફથી
શ્રી પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ સુરતને
રૂા. ૨૫,૫૫૦/- મેડિકલ સહાય ખાતે તથા ૨૫,૫૫૦/- શૈક્ષણિક સહાય
ખાતે વ્યાજ વપરાશ કરવાની શરતે ભેટ મળ્યા છે.

શ્રી પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ સુરત દાતાશ્રીઓ પ્રત્યે
આભારની લાગણી વ્યકત કરે છે...

શ્રી મુકેશભાઈ કે. પંચોલી (પ્રમુખ)
શ્રી ધવલભાઈ જે. પંચોલી (મંત્રી)
શ્રી ઉમેશભાઈ બી. પંચોલી (ખજાનચી)
શ્રી હેમંતકુમાર સી. મિસ્ત્રી (આઈ.પી.પી.)
નિશીકાંત બી. મિસ્ત્રી(ઉપ પ્રમુખ)
નિલેશભાઈ જે. પંચોલી (સહમંત્રી)

તથા કારોબારી સભ્યો
શ્રી પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ સુરત

# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના
## સને ૨૦૨૪-૨૦૨૫

નામ :

અટક નામ પિતા/પતિનું નામ

જન્મ તારીખ :........................

પત્ર વહેવારનું સરનામું.................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

પીનકોડ..................................ફોન : (ઘર) .............................. (ઓ) ..............................

મો : .......................................................................... ઈમેલ : ..................................................

અરજી વખતે કોઈ બીમારીની માહિતી.........................................................................................

આ સાથે દાખલ ફી રૂા......................+ વાર્ષિક ફાળાની રકમ : **રૂા. ૩૦૦/-**

કુલ રકમ............................................. રોકડા/ચેક/ડ્રાફ્ટ થી મોકલ્યાં છે.

મારા મૃત્યુ પછી સહાય નીચેના વારસદારને મળે તેવી વિનંતી છે.
વારસદારનું નામ :(૧)...........................................(૨)...................................................

૧. આથી હું જાહેર કરું છુ કે સભ્ય થતી વખતે મને હ્રદયની બીમારી, કીડનીની બીમારી, કેન્સર,બાયપાસ, એઇડ્સ કે અન્ય ગંભીર બીમારી નથી

૨. સમાજ સુરક્ષાના પાછળ મુજબના નિયમો મેં વાંચ્યા છે. અને તે મને કબૂલ મંજૂર છે.

૩. જે વ્યકિત આ યોજનામાં દાખલ થતા એક વર્ષની અંદર મૃત્યુ પામે તો નિયમ મુજબ વિમાની રકમ મળવા પાત્ર નથી.

<u>તારીખ 1/10/ 2022 થી નીચે મુજબ નવી દાખલ ફી લેવામાં આવશે.</u>

| ઉંમર | દાખલ ફી | વાર્ષિક ફાળો |
|---|---|---|
| ૫ થી ૨૦ વર્ષ સુધી | ૧૦૦૦ + | ૩૦૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૨૧ વર્ષ કે તેથી વધુ ૩૦ વર્ષ અંદર | ૧૫૦૦ + | ૩૦૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૩૧ વર્ષ કે તેથી વધુ ૪૦ વર્ષ અંદર | ૨૦૦૦ + | ૩૦૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૧ વર્ષ કે તેથી વધુ ૪૫ વર્ષ અંદર | ૩,૦૦૦ + | ૩૦૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૫ વર્ષ કે તેથી વધુ ૫૦ વર્ષ સુધી | ૭,૦૦૦ + | ૩૦૦ (મૃત્યુ દર પ્રમાણે) |

સભ્યની સહી...........................................

ઉંમરનો પૂરાવો, જન્મ તારીખનો દાખલો, સ્કુલ સર્ટીફીકેટ અથવા આધારકાર્ડ જન્મ તારીખ લખેલ હશે તો પણ ચાલશે.

નોંધ : ફાળાની રકમ રોકડા,ચેક અથવા ડીમાન્ડ ડ્રાફટથી મોકલવી. ડ્રાફટ શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના નામે મોકલવાના રહેશે.

### આ યોજનાની ઓફીસનું સરનામું

**પ્રમુખ**
**શ્રી મનિષભાઈ મોહનલાલ પંચોલી**
૧૧, શુકન બંગ્લોઝ, રામજી મંદિર પાસે,
કાનપુરા, વ્યારા-૩૯૪ ૬૫૦, જિ. તાપી
મો. ૯૮૨૫૨ ૭૫૦૨૩

**મંત્રી**
**શ્રી અંકિત હર્ષદભાઈ પંચોલી**
એ-૩૮, એ-૪૩, મીરા રેસીડન્સી
ડી.કે.પાર્ક નજીક, વ્યારા - ૩૯૪ ૬૫૦ જિ. તાપી,
મો. ૯૭૧૨૫૧૨૩૩૩

જરૂર પડેથી અરજીપત્રકની ઝેરોક્ષ કઢાવી શકાશે.

**યુનીયન બેંક ઓફ ઈન્ડિયા - A/C 605202010006175**
**IFC Code : UBIN0560529**



મો. ૯૭૧૨૫૧૨૩૩૩

# આત્મનિર્ભર નારી



ત્રિવેણી મુકુલ મિસ્ત્રી
અંધેરી-મુંબઇ

જનની છું - જીવન છું.
સશક્ત છું - સાકાર છું,
દર્પણ છું, સંપૂર્ણ છું,
નારી છું, 'હા' એક સ્ત્રી છું...
આત્મ વિશ્વાસની સરિતા છું,
સ્વાભિમાની અને આત્મ નિર્ભર છું.,
પણ તુટીને વિખરાય જવું..હવે, એ સમય નથી.
નહીં સમજો મને અબળા નારી,
નથી અધુરી હું, પોતાનામાં પુરી
સાથ માં 'હા' હોય તો હાથ આપો,
પાછા પગ માંડવા મને મંજુર નથી..
પથનાં કાંટા-પથ્થર પાર કરી,
આગળ હું વધી શકું છું.,
તમારો સાથ-સહકાર હશે તો,
સાત સમંદર પાર કરી શકુ છું.
'હું ' બોજ નથી બનવા માંગતી,
હું વિચારોમાં આગળ જવા માંગતી
તમે જો તોડો જંજીર મારી
'હું' જગમાં નામ કમાવા માંગતી
માતા-સાસુ, પુત્રી-પુત્રવધુ
ભાભી-નણંદ, કાકી-મામી, માસી-ફોઇ
'હા' આ સર્વ છું હું....આત્મનિર્ભર નારી



## સ્વ. પ્રશાંતભાઈને ભાવભીની શ્રધ્ધાંજલી

આજીવન પરિશ્રમ કરી પરિવાર અને પંચોલી સમાજને સમૃદ્ધ બનાવી ચંદન જેવું જીવન જીવી ગયા. સૌને સુખ આપતા ગયા. આપની ઉદારતા, સચોટ માર્ગદર્શન લાગણીશીલ સ્વભાવ સૌના હૃદયમાં મુકતા ગયા. કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે... પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પરમ કૃપાળુ પરમાત્માને અમારા સૌની અંતઃકરણથી પ્રાર્થના...

**પંચોલી સેવા મંડળ - રાજપીપલા**

## સ્વ. પ્રશાંતભાઈને ભાવભીની શ્રધ્ધાંજલી

મહામંડળની સેવામાં ઓતપ્રોત રહેનાર, મહામંડળની અનેક પોષ્ટ પર રહી મહામંડળને પ્રગતિના શિખરે બેસાડનાર, એવા વડિલ શ્રી પ્રશાંતભાઇને શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર હાર્દિક સ્મરણાંજલી અર્પણ કરે છે..

પ્રભુ એમના આત્માને ચિરઃ શાંતિ અર્પે એજ પ્રાર્થના

**પંચોલી સેવા સમાજ - અંકલેશ્વર**

# સંસ્થા સમાચાર

## પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ-વડોદરા



પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ વડોદરાની સામાન્ય સભા શ્રી અશ્વિનભાઇ શાંતિલાલ પંચોલીના અધ્યક્ષ પદ હેઠળ તા. ૧૧.૦૨.૨૪, રવિવારના રોજ સવારે ૧૦.૪૫ કલાકે ઓરીઓન રેસ્ટોરન્ટ ખાતે મળી. મંત્રી શ્રી હરીશભાઇ પંચોલી દ્વારા સભાની શરૂઆત સૌ સભ્યોના આવકાર સાથે કરવામાં આવી. દેવાંગભાઇએ ગણેશ વંદના અને પ્રાર્થનાથી વાતાવરણ આધ્યાત્મિક ઉભુ કર્યું.

ગત વર્ષ દરમ્યાન દિવંગત પામેલ આત્માને શ્રધ્ધાંજલી અર્પણ કરી એક મિનિટ મૌન પાળવામાં આવ્યું.

પ્રમુખશ્રી અશ્વિભાઇ દ્વારા આવકાર પ્રવચન કરતા જણાવ્યું કે સમાજ ભવનની શુભ શરૂઆત આવનારા વર્ષોમાં થઇ રહી છે, જમીન સંપાદન વખતે આશરે ૨૦ વર્ષ પહેલા દાન આપેલ દાતાઓનો આભાર માન્યો કે જેના થકી સમાજ ભવનની જમીન શકય બની. સમાજના સભ્યોને હવે ભવન બનાવવા માટે બને એટલું વધુ દાન આપવાની અપીલ કરવામાં આવી.

મંત્રીશ્રી હરીશભાઇએ હવે પછીની સામાન્ય સભા સમાજ દ્વારા મળેલ દાન થકી નવા સમાજ ભવન ખાતે કરવાની ઇચ્છા વ્યકત કરી અને ગત વર્ષની સામાન્ય સભાના અહેવાલનું વાંચન કરવામાં આવ્યું.

પ્રાસંગિક પ્રવચન દરમિયાન શ્રી સંજીવભાઇએ હાલની સ્થિતિની રજુઆત કરી, જેમાં હાલમાં કોર્પોરેશનમાં આશરે ૩.૫૦ લાખ અને ૭ લાખ ફકત પ્લોટ નકસા અને પ્લાન પાસ કરાવવા માટે જ ભરવા પડયા છે. જે રકમ ઓરીજીનલ પ્લોટની ખરીદ કિંમત કરતા પણ વધારે છે. બાંધકામ શરૂ કરવા આશરે દોઢ કરોડના ફંડની જરૂરીઆત હોવાથી સૌને ખુલ્લા હાથે દાન કરવા વિનંતી કરી. સૌ સભ્યોને ઓછામાં ઓછું આશરે ૨૫,૦૦૦નું દાન કરવા અપીલ કરી હતી. ભવિષ્યમાં હજુ કદાચ ફાઇનલ ટીપી થવામાં આવે ત્યારે માઇનોર ચેન્જ થઇ શકે છે તેમ જણાવ્યું.

શ્રી નારણભાઇ પંચોલી દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ના હિસાબો રજુ કરવામાં આવ્યા જેને સામાન્ય સભાએ બહાલી આપી.

ટ્રસ્ટી મંડળની પાંચ વર્ષની મુદત પુરી થતી હોવાથી નવીન ટ્રસ્ટી મંડળની રચના કરવાની રજુઆત કરી. જે. સામાન્ય સભાએ હાલના ટ્રસ્ટી મંડળને વધુ એક મુદત માટે ચાલુ રાખવાની મંજુરી આપી.

ટ્રસ્ટી અને પ્રમુખ-શ્રી અશ્વિનભાઇ શાંતિલાલ પંચોલી
ટ્રસ્ટી અને ઉપપ્રમુખ-શ્રી સંજીવભાઇ પંચોલી
ટ્રસ્ટી અને મંત્રી - શ્રી હરીશભાઇ મુળજીભાઇ પંચોલી
સહમંત્રી-શ્રી ધર્મેશભાઇ ચંદ્રકાંતભાઇ પંચોલી
ખજાનચી-શ્રી રમેશભાઇ રતિલાલ પંચોલી
ટ્રસ્ટી-શ્રી રમેશભાઇ નાથાલાલ પંચોલી
ટ્રસ્ટી-શ્રી મધુસુદનભાઇ ચંદુલાલ પંચોલી
ટ્રસ્ટી-શ્રી ભુપેન્દ્રભાઇ રતિલાલ પંચોલી
ટ્રસ્ટી-શ્રી દેવાંગભાઇ પ્રવિણભાઇ પંચોલી
ટ્રસ્ટી-શ્રી નારણભાઇ ઓચ્છવલાલ પંચોલી
નવા કારોબારી સભ્યો
કારોબારી સભ્ય-શ્રી ભરતભાઇ નટવરલાલ પંચોલી

કારોબારી સભ્ય-ડૉ. દિનેશકુમાર અમૃતલાલ પંચોલી
કારોબારી સભ્ય-નરેશભાઇ નગીનભાઇ પંચોલી
કારોબારી સભ્ય-શ્રી ગિરીશકુમાર મોહનલાલ પંચોલી
કારોબારી સભ્ય શ્રી દિનેશકુમાર સંતસેવક પંચોલી

પ્રમુખશ્રી અશ્વિનભાઇએ ફરીથી એક વખત સમાજ ભવન બનાવવા માટે સૌને અપીલ કરી હતી અને ઉદાર હાથે ફાળો આપવા જણાવ્યુ હતુ કે જે જે રીતે જમીન સંપાદન વખતે સૌ અગ્રણીઓએ ફાળો આપ્યો હતો તે રીતે સમાજ ભવનમાં નિર્માણ માટે સમાજના સૌ સભ્યો એમના જીવનનું શ્રેષ્ઠ દાન કરે તે માટે અપીલ કરી હતી.

ડૉ. સૂર્યકાંતભાઇ પંચોલીએ સમાજના અગ્રણીઓ એડવોકેટ શ્રી અંબાલાલ પંચોલી, શ્રી શાંતિલાલ પંચોલી, ડૉ. સૂર્યકાંતભાઇ પંચોલી અને અન્ય અગ્રણીઓને યાદ કર્યા હતાં. જેમના થકી વર્ષ ૧૯૮૩ દરમિયાન શ્રી પંચોલી સમાજ, વડોદરાની સ્થાપના કરવામાં આવી હતી જે આજે લગભગ ૪૦૦ કુટુંબ સુધી પહોંચી ગઇ છે. તેઓશ્રીએ ટ્રસ્ટી મંડળ અને કારોબારી સભ્યોની કામગીરીને બિરદાવી હતી અને સમાજભવનની રચના માટે સૌને આગળ આવવા અનુરોધ કર્યો હતો.

શ્રી ચંદ્રકાંતભાઇએ સમાજ ભવન માટે જમીન લેવા માટે શરૂઆતના તબક્કે આપેલ દાન માટેના સભ્યોને બિરદાવ્યા હતા અને સમાજનું સ્વપ્ન સમાજ ભવન રૂપે સાકાર થાય તે માટે સૌ સભ્યો આગળ આવી ઉદાર હાથે દાન આપવા અપીલ કરી હતી.

ડૉ. દિનેશભાઇએ જણાવ્યું હતુ કે જે સભ્યોએ શરૂઆત માં દાન આપેલ છે તેઓ પણ ફરીથી એક વખત સમાજ ભવન માટે દાન આપે અને ખાસ કરીને જેઓના પુત્ર પુત્રીઓ વિદેશ સ્થાયી થયેલ છે તેઓને પણ વિશેષ રૂપે દાન માટે અપીલ કરી હતી.

મંત્રીશ્રી હરીશભાઇ દ્વારા સામાન્ય સભામાં સૌને હાજર રહેવા બદલ આભાર માની સામાન્ય સભાનું સમાપન કરવામાં આવ્યું હતું.

## પંચોલી સેવા સમાજ – અંકલેશ્વર



પંચોલી સેવા સમાજ અંકલેશ્વર દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન તા. ૩૧.૩.૨૦૨૪ને રવિવારના રોજ ગોંડલ-વિરપુર-સારંગપુર અને કાગવડના ધાર્મિક સ્થળોનો પ્રવાસ કરવામાં આવ્યું. એક બસ ઉપાડવામાં આવી તા. ૩૦.૩.૨૦૨૪ના રોજ રાત્રે ૯ કલાકે સેફરોન-અંકલેશ્વરથી શુભ શરૂઆત કરી... રસ્તામાં જે સ્થળ પર જ્ઞાતિજનો હતા તેમને લઇને હનુમાન દાદાનું નામ લઇ પ્રવાસની શુભ શરૂઆત કરવામાં આવી. પ્રથમ કોલ્ડ ડ્રીકસ થી પ્રમુખ શ્રી અખિલભાઇ એ સૌનું સ્વાગત કર્યુ.

સવારે ૫.૩૦ કલાકે ગોંડલ ભુવનેશ્વરી માતાના મંદિરે પહોંચ્યા, ફ્રેશ થઇ આરતીના દર્શન કરી બ્રેડ બટર અને ચેવડો તથા ચા ને ન્યાય આપ્યો. ત્યાંથી વિરપુર જલારામ બાપાના મંદિરે દર્શનનો લાભ લઇ. બજારમાં શોપીંગ કરી કાગવડ જવા માટે નીકળ્યા.

કાગવડમાં પ્રથમ ભોજનને ન્યાય આપ્યો. ત્યારબાદ કાગવડ મંદિરમાં બિરાજેલ ખોડિયારમાની નયનરમ્ય મૂરતી ના દર્શન કરી... ખોડલધામ કેમ્પસમાં ફરી બપોરનું સ્વાદિષ્ટ ભોજન લીધું ખોડલધામ કેમ્પસમાં ફરી સારંગપુર તરફ પ્રયાણ કર્યુ. બસમાં બિસ્કીટ અને કોલ્ડ ડ્રીંકસ અને મોબાઇલ ખાખરાની મઝા માણી

સાંજે ૬.૩૦ કલાકે સારંગપુર હનુમાનજીના મંદિરે પહોચ્યા આરતીની તૈયારી હોવાથી સૌએ આરતીનો લાભ લીધો. ત્યાર બાદ અક્ષર પુરૂષોત્તમ મંદિર (બી.એ.પી.એસ.)માં દર્શન કર્યા. પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ મંદિર ના દર્શન કર્યા. ત્યારબાદ

અત્યાધુનિક બનેલ કષ્ટભંજનદેવ ભોજનાલયમાં રાત્રી ભોજનને ન્યાય આપ્યો.. રાત્રે ૯.૩૦ કલાકે અંકલેશ્વર આવવા પરત ફર્યા. સર્વેએ મનભરી પ્રવાસનો આનંદ લુટયો....

રૂા. ૨૦૦ શ્રી રમણભાઇ છગનભાઇ પંચોલી-અંકલેશ્વર
રૂા. ૨૦૦ સોનલબેન શૈલેષભાઇ પંચોલી-મુંબઇ
રૂા. ૨૦૦શ્રી બિપીનભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી-બીલીમોરા

મોબાઇલ રીશીવ ખાખરા-મૌલિક મહેશભાઇ મિસ્ત્રી એરૂ ચાર રસ્તા નિવાસી બિપીનચદ્ર ડાહ્યાભાઇ મિસ્ત્રી તરફથી એક ઠંડા પાણીનો જગ મુકવામાં આવ્યો હતો. દાતાશ્રીઓનો આભાર....

## પંચોલી પંચ - ગણદેવી



પંચોલી પંચ ગણદેવી તારીખ 17.4.24 ના રોજ બુધવારે રામનવમી નિમિત્તે પંચોલી પંચના મકાનમાં હવન પૂજા વિધિ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં મુખ્ય યજમાન તરીકે હેમંતભાઈ અને ભાવનાબેન મિસ્ત્રી તથા મહિલા મંડળની બહેનોએ ભાગ લીધો સવારે 9:00 કલાકે પ્રમુખશ્રી ચિન્તુકુમાર મિસ્ત્રીએ સૌ જ્ઞાતિજનોને આવકાર્યા 9:30 કલાકે હવન પૂજા વિધિ ની શરૂઆત થઈ. યજ્ઞમાં 108 વખત માતાજી,રામચંદ્રજી તેમજ હનુમાનજી ના નામે આહુતિ આપવામાં આવી. બપોરે 12:00 કલાકે સૌ જ્ઞાતિજનો એ શ્રદ્ધાપૂર્વક આરતી ઉતારી અને પ્રસાદ લીધો. અંતમાં સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ લઇ સૌ છુટા પડ્યા. સાંજે ગણદેવીમાં આવેલ રામજી મંદિરે લાયન્સ ક્લબ દ્વારા રક્તદાન નો કેમ્પ રાખવામાં આવ્યો હતો જેમાં પ્રમુખશ્રી ચિન્તુકુમાર, કલ્પેશકુમાર જયેશભાઈ, દિલેશભાઈ એ રક્તદાન કર્યું હતું

---

# મહિલા સમાચાર

### પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

પંચોલી ભગીની સમાજ-રાજપીપલાની ઓકટોબર માસની મિટિંગ તા. ૨.૧૦.૨૦૨૩ના રોજ સ્નેહાબેનના નિવાસ સ્થાને મળી સમૂહમાં પ્રાર્થના બાદ કેરીના બાફલાથી સ્નેહાબેને સૌને વેલકમ કર્યુ.

ઓકટોબર માસમાં આપેલ પ્રોજેકટ કર્યા હતા. એકસ્ટ્રા પ્રોજેકટમાં ૨જી ઓકટોબરના દિવસે ગાંધી જયંતિ અને લાલ બહાદુર શાસ્ત્રીની જન્મ જયંતિ, ૩૧ ઓકટોબર સરદાર પટેલ જયંતિ અને ઇન્દિરા ગાંધીની પૂણ્યતિથિ નિમિત્તે વકૃત્વ સ્પર્ધા યોજી હતી. 'મેરા ભારત સ્વચ્છ ભારત' નિમિત્તે શેરીઓ સ્વચ્છ કરી હતી. જેમાં નયનાબેન પંચોલીને પ્રથમ ઇનામ પ્રાપ્ત થયુ હતું.

નવરાત્રી નિમિત્તે ગરબા હરિફાઇ, બેસ્ટ કોસ્ચ્યુમની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં પ્રથમ અને દ્વિતીય ઇનામ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૫૦ વર્ષની ઉપરની બહેનોએ ગરબા ગવડાવીને ગરબા હરિફાઇ રાખી હતી. સાથે સાથે આરતી ડેકોરેશનની સ્પર્ધા વાડીમાં રાખવામાં આવી હતી. જેમાં ૩૦ બહેનોએ ભાગ લીધો હતો. દરેક બહેનોને મંડળ તરફથી આશ્વાસન ઇનામો આપવામાં આવ્યા હતા. સ્નેહાબેન તરફથી સૌને કાઠીયાવાડી ભોજન કરાવ્યુ હતું. અંતમાં સ્નેહાબેનનો આભાર વ્યકત કરી સૌ છુટા પડ્યા.

નવેમ્બર માસમાં દિવાળી આવતી હોવાથી આપેલ પ્રોજેકટો અને એકસ્ટ્રા પ્રોજેકટો ઓન લાઇન કર્યા. ડિસેમ્બર માસની મિટિંગ તા. ૩.૧૨.૨૦૨૩ના રોજ ઉષાબેનના ઘરે રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત ગીતા શ્લોકના ગાન થી કરવામાં આવી. ઉષાબેને ફ્રુટી દ્વારા સર્વે બહેનોનું સ્વાગત કર્યુ. ડિસેમ્બર માસમાં આમળાની વિવિધ વાનગી ઓનલાઇન શેર કરી. સંગીત ખુરશી અને તુલસી પૂજન કર્યુ. પીકનીક પણ કરી. જેમાં ડભોઇની પ્રખ્યાત હીરાભાગોળની મુલાકાત કરી સુંદર કોતરણીથી સજ્જ હીરાભાગોળ જોઇ મન આનંદિત થયુ ત્યાં થી કાળીકા માતાના દર્શન પૂજન કર્યા. ઉષાબેન તરફથી બાજરીની સુંદર વાનગીનું સ્વાદિષ્ટ ભોજન કર્યુ. ઉષાબેનનો આભાર વ્યકત કરી છુટા પડયા.

મંડળને મળેલ દાન

સ્મરણાર્થે મળેલ દાન

૧૫૧ શીલાબેન હર્ષદભાઇ પંચોલી

૫૦૦ જગદીશભાઇ ગણપતલાલ પંચોલી

૨૫૦ મુકેશભાઇ કંચનભાઇ પંચોલી-પ્રથમ પૂણ્યતિથિ

૨૫૦ મિલનભાઇ હરેશભાઇ પંચોલી

બર્થડે નિમિત્તે મળેલ દાન

૨૦૦ હતિક અનુરાગ પંચોલી

૧૦૦ તૃપ્તી આશિષભાઇ પંચોલી

૧૦૦ વેદા પંચોલી

૨૦૦ ચેરીની જીગર મપારા

૨૦૦ નયનાબેન એન પંચોલી

૨૦૦ પ્રિશા જ્ઞાનશરણ પંચોલી

૧૫૦ માહિર જ્ઞાનશરણ પંચોલી

૨૦૦ પ્રતિભા પંચોલી

૨૦૦ તરૂલતાબેન એમ. પંચોલી

૨૦૦ સંધ્યાબેન એસ. પંચોલી

૧૦૦ તન્વી પંચોલી

૨૦૦ જાગૃતિબેન એ. પંચોલી

૧૦૦ દક્ષાબેન-મેરેજ એનીવર્સરી

૧૦૦ હીનાબેન - મેરેજ એનીવર્સરી

૧૫૧ યશ મહેશભાઇ ના લગ્ન નિમિત્તે

૧૫૧ દિવ્યા યશ - કેનેડા ગયા તે નિમિત્તે

૧૫૧ નીશી વિશ્રુત પંચોલી

૧૦૦ હીના રોહન પંચોલી

૧૦૦ નીતાબેન જી. પંચોલી-મેરેજ એનીવર્સરી

૨૦૦ પૂર્ણિમાબેન જી. મપારા-બર્થડે

૧૫૧ શિવાની ડી. પંચોલી-બર્થડે

૧૦૦ રાજશ્રીબેન એમ. પંચોલી મેરેજ એનીવર્સરી

૧૫૧ પ્રિયાના શ્રીમંત સંસ્કાર નિમિત્તે સંધ્યાબેન તરફથી મંડળને મળ્યા...

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



તેજસ્વીની મહિલા મંડળ, વડોદરાની જાન્યુઆરી - ૨૦૨૪ના માસની કારોબારી સભ્યોની મિટિંગ તા. ૨૩.૦૧.૨૦૨૪ને મંગળવારના રોજ શ્રીમતિ લીનાબેન બી. પંચોલી તરફથી ક્રિષ્ના ગાર્ડન હોટલમાં બપોરે ૧૨.૦૦ કલાકે રાખવામાં આવી હતી. લીનાબેને સૌ બહેનોને આવકાર્યા.

મિટિંગની શરૂઆત રામજીની પ્રાર્થના ગાઇ ગુણગાન ગાયા અને રામનામના નારા લગાવ્યા. સમાજમાં દિવંગત પામેલ તેમજ વડોદરામાં હરણી તળાવમાં નાવ ડુબી જવાથી બાળકો અને શિક્ષકોના મોત થયા એવા સદ્દગતોને શ્રધ્ધાંજલી આપી હતી. ગત મિટિંગના અહેવાલનું વાંચન કર્યુ.

જાન્યુઆરી તા. ૨૨મી જાન્યુઆરી-૨૦૨૪ના રોજ અયોધ્યામાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા ઉજવણીના ભાગ રૂપે બહેનોએ રામલલ્લાના આગમનની ખુશી મનાવી સુત્રોચ્ચાર કરી તેમજ શ્રી જયોતિબેન

સીતામાતા બની શ્રી રામસીતાના ફોટા સાથે વંદન કરી રામના ગુણગાન ગાયા હતા.

તેજસ્વી મહિલા મંડળની બહેનોએ જાન્યુઆરી માસમાં આવતો મકરસંક્રાતિનો ઉત્સવ ઓનલાઇન કરી તલસાંકળીના ફોટા પાડી રજુ કર્યા. ૨૬ જાન્યુઆરી - પ્રજાસત્તાક દિનની ઉજવણી દેશભકિત ગીતો ગાઇ શહીદોને યાદ કર્યા.

લીનાબેને એકમિનિટની બે ગેમ રમાડી જેના વિજેતા બહેનોમાં પ્રથમ આનંદીબેન, દ્વિતીય ભુરીબેન, તૃતિય હર્ષાબેન અને પ્રિતીબેન મપારા થયા. બીજી ગેમના વિજેતા પ્રથમ નિતાબેન, દ્વિતીય નિકુંજબેન, તૃતિય નિમાબેન અને પ્રિતીબેન થયા. હાઉસીની રમત રમ્યા. લીનાબેન તરફથી ગેમના વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યો. લીનાબેને રીટર્ન ગીફટમાં મારબલના ગણપતિ અને બાજઠ આપ્યા... બહેનો એ ગીફટ બદલ આભાર માન્યો.

અંતમાં ક્રિષ્ના હોટલમાં સમૂહમાં ભોજનનો આનંદ માણ્યો. નિકુંજબેને સૌ બહેનો વતી મિટિંગનું સુંદર આયોજન બદલ આભાર માન્યો.... આગામી મિટિંગ નિકુંજબેને ત્યાં રાખવામાં આવી છે... સૌને રામ રામ કરી છુટા પડયા...

તેજસ્વીની મહિલા મંડળ, વડોદરાની ફેબ્રુઆરી ૨૦૨૪ની કારોબારી સભ્યોની મિટિંગ શ્રીમતિ નિકુંજબેન આર. પંચોલી તરફથી તા. ૨૧.૨.૨૦૨૪ના રોજ બપોરના ૧૧.૩૦ કલાકે કાઠીયાવાડી ખોડિયાર હોટલમાં રાખવામાં આવી.

મિટિંગની શુભ શરૂઆત સૌ પ્રથમ પ્રાર્થનાથી કરવામાં આવી. સમાજમાં દિવંગત પામેલા આત્માઓની શાંતિ માટે બે મિનિટ મૌન પાળવામાં આવ્યું. ગત માસની મિટિંગનો અહેવાલનું વાંચન કરવામાં આવ્યું.

ફેબ્રુઆરી માસમાં આપવામાં આવેલ પ્રોજેકટ અનુસાર 'સંસ્કાર સાથેનું શિક્ષણ એજ સાચુ શિક્ષણ' વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી. શિક્ષણ અને સંસ્કાર આપણી જીંદગીના મૂળ મંત્ર છે. શિક્ષણ આપણને મરવા નથી દેતુ અને સંસ્કાર આપણને પડવા નથી દેતું. વિવિધ વિચારો રજુ કર્યા. નિકુંજબેને ગેમ રમાડી વકૃત્વ સ્પર્ધાના નિર્ણાયક તરીકે નિકુંજબેને સેવા આપી સ્પર્ધાના પ્રથમ વિજેતા હર્ષાબેન અને દ્વિતીય વિજેતા જયોતિબેન કે. અને તૃતીય વિજેતા નીતાબેન થયા હતા. વિજેતા બહેનોને ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. હાઉસી રમ્યા. નિકુંજબેને સૌ બહેનોને કપલ રીંગ અને ફુલ ગીફ્ટ આપી સન્માન કર્યુ. અંતમાં સમુહમાં કાઠીયાવાડી ભોજન અને છાસનો રસાસ્વાદ માણી સુંદર મિટિંગ આયોજન, સુંદર ભોજન માટે નિકુંજબેન તથા તેમના પરિવારજનોનો ખૂબ ખૂબ આભાર વ્યકત કર્યો. આગામી મિટિંગ ભુરીબેનને ત્યાં રાખવાનું નકકી કરવામાં આવ્યું..

તેજસ્વીની મહિલા મંડળ, વડોદરાની માર્ચ ૨૦૨૪ની કારોબારી સભ્યોની મિટિંગ શ્રીમતિ ભુરીબેન એ. પંચોલી તરફથી તા. ૫.૩.૨૦૨૪ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ઓકટોન પીઝા હોટલમાં રાખવામાં આવી હતી. ભુરીબેને સૌ બહેનોને આવકાર આપ્યો હતો.

મિટિંગની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરી સમાજ માં દિવંગત પામેલ આત્માઓની શાંતિ માટે બે મિનિટ મૌન પાડી શ્રધ્ધાંજલી આપવામાં આવી.

માર્ચ માસમાં આપેલ પ્રોજેકટ અનુસાર ૮ માર્ચ મહિલા દિન નિમિત્તે મારો આદર્શ રોલ વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી. બધી બહેનો મારો આદર્શ રોલ વિશે અલગ અલગ પોતાના વિચારો રજુ કર્યા. ત્યાર બાદ મારી માતા મારી સાસુ વિશે ચર્ચાઓ કરી. ભુરીબેને ગેમ રમાડી. ગેમ અને સ્પર્ધાના નિર્ણાયક તરીકે ભુરીબેને સેવા બજાવી. વકૃત્વ સ્પર્ધાના વિજેતા પ્રથમ જયોત્સનાબેન, દ્વિતીય જયોતિબેન એસ. અને તૃતીય લીનાબેન અને પ્રીતિબેન મપારા થયા. બીજી સ્પર્ધા મારી માતા મારા સાસુ માં પ્રથમ આનંદીબેન, દ્વિતીય સુરેખાબેન અને તૃતીય જયોતિબેન કે અને હર્ષાબેન થયા. ગેમ ના વિજેતા પ્રથમ નિકુંજબેન, દ્વિતીય નિતાબેન અને તૃતીય શીલાબેન અને પ્રજ્ઞાબેન વિજેતા થયા. તમામ વિજેતા બહેનોને ઇનામ આપી અભિનંદન પાઠવ્યા.

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર



તા. ૨૨-૩.૨૦૨૪ના રોજ મહિલા મંડળ અંકલેશ્વરની મિટીંગ સંગીતાબેન રમણભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી. મિટિંગની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ગત મિટિંગનો અહેવાલ વાંચવામાં આવ્યો. ખુશ્બુબેને આ મહિનામાં આવતી બર્થડે-એનીવર્સરીની ગીફટ આપી શુભેચ્છાઓ પાઠવી. મહિલા દિન નિમિત્તે સોનલબેન મનોજભાઇ અને દક્ષાબેન દિનેશભાઇએ નારી તુ ન હારી અને હારી પણ ન શકે... એ વિષય પર ચર્ચા કરી. પ્રમુખ બિનીતાબેન અને સોનલબેન મનોજભાઇ અને મંત્રી જાગૃતિબેને આપેલ પ્રોજેક્ટ અનુસાર નિબંધ મરો રોલ મૉડલ ‘મા-મારી સાસુ’ આ નિબંધ લખીને લાવવાનો હતો. આ નિબંધના નિર્ણાયક તરીકે આદર્શ સ્કુલ શિક્ષિકા વૈશાલીબેને સેવા આપી. તેમનું સન્માન કરી સ્મૃતિભેટ આપવામાં આવી.

વૈશાલીબેને અંકલેશ્વર મહિલા મંડળના કાર્યોની સરાહના કરી અને પ્રગતિ માટે અભિનંદન આપ્યા. દક્ષાબેને અને ખુશ્બુબેને હોળીનો મહિમા જણાવ્યો. મીરાબેને હોળી કેમીકલ વગરના કલરો થી દુર રહી રમવી અને પાણીનો બગાડ પણ ન કરવો.. વિશે જાણ કરી. ફેબ્રુઆરીના પ્રોજેક્ટ અનુસાર ઉધિયુ અને સમોસા તથા જલેબી મહિલા મંડળ તરફથી લાવી પાર્ટી કરવામાં આવી.

અંતમાં હોળી-ધુળેટીની ઉજવણી કરવામાં આવી જેમાં બહેનોએ એક બીજાને ગુલાલ લગાવી ઉજવણી કરવામાં આવી.

૫૧ કલ્પનાબેન કનુભાઇ પંચોલી-બર્થડે
૫૧ સોનલબેન મનોજભાઇ -પાપાનીપૂણ્યતીથી
૧૦૧ હેતલબેન નિમેષભાઇ-સસરાની પૂણ્યતીથી
૧૦૧ જયશ્રીબેન પરેશભાઇ - એનીવર્સરી નિમિત્તે.
દાતાઓનો ખૂબ ખૂબ આભાર....

## પંચોલી મહિલા મંડળ-સુરત

સુરત મહિલા મંડળની એન્યુઅલ મિટીંગ ૨૯.૧૨.૨૦૨૪ના રોજ અડાજણની ક્ષિતિજ રેસ્ટોરન્ટમાં રાખવામાં આવી હતી. જેમાં કુલ ૯૦ માંથી ૬૭ બહેનોએ હાજરી આપી હતી. મહિલા સંગઠનના પ્રોજેકટ અનુસાર સંગીત ખુરશી રમ્યા ગ્રુપ બનાવી ગેમ રમ્યા. જેમાં ચીઠ્ઠીમાં જે આવે એ વિષય રજુ કરવા, સરપ્રાઇઝ ગેમ રમ્યા. પેપર ગ્લાસનો પીરામીડ બનાવવાની રમત રમ્યા. જેમાં ધારાબેન વિજેતા થયા. ૨૦ રૂા. નો સીકકો - ધર્મી લાકડાવાલા, પરફયુમ બોટલ-અંજના લાકડાવાલા, ગ્રીન નેઇલ પોલીસ -તેજલ ગાંધી, ફુલ મેચીંગ-જીગીષા ઝવેરી, મોતી બંગડી-રીચા મિસ્ત્રી થયા. સંગીત ખુરશીના વિજેતા ગીતાબેન મારફતીયા થયા. અંતાક્ષરી રમી ગીતો પર ડાન્સ કર્યા. સૂપ, સલાડ, મગદાળ શીરો, મન્ચુરીયન, પનીર ટીકકા, પનીર સબ્જી, દાલફ્રાય, બીરયાની રાયતુ સાથે ભોજનનો આનંદ માણ્યો. અને સાથે આઇસક્રીમ પણ આરોગ્યું. ઓનલાઇન રંગોળી, દિવાળી ડેકોરેશન ના ફોટા શેર કરી છુટા પડયા.

આજે મળેલ દાન
૧૦૦૦ પૂર્ણિમાબેન કમલેશભાઇ ગજ્જર
૫૦૦ ઇન્દિરાબેન અશોકભાઇ ઝવેરી-યુ.કે.
૫૦૦ તરૂલતાબેન પી. પંચોલી
૨૦૦ સીમાબેન નિલેશભાઇ કાપડિયા
૨૦૦ નિશાબેન-પ્રીતિબેન મિસ્ત્રી
૨૦૦ ઉત્પેક્ષાબેન વી. મિસ્ત્રી
૨૦૦ સંગીતા આઇ. પંચોલી

સુરત મહિલા મંડળની મિટીંગ ગાર્ડન પાર્ટી નિમિત્તે સુરતના પાલ લેક ગાર્ડનમાં તા. ૨૬.૦૨.૨૦૨૪ના રોજ રાખવામાં આવી હતી. આ પાર્ટી ડબ્બા પાર્ટી તરીકે








ઉજવવામાં આવી હતી. જેમાં બહેનો વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી લાવી હતી વડા, પોંક વડા, છાસ, ડેઝર્ટ, કેક, કોલ્ડ્રીંક્સ વિગેરે બનાવી લાવી હતી. બધાએ એક બીજાના નાસ્તાની આપ-લે કરી આનંદ માણ્યો હતો. અંતાક્ષરી રમ્યા, ફોટો સેશન કર્યુ, રીલ બનાવી ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી સૌ છુટા પડયા.

---

# જીવન સ્વર્ગ બનાવવું હોય તો.......

નટુભાઇ એમ. પંચોલી-વડોદરા



જીવનને સ્વર્ગ બનાવવા માટે પરિવારમાં ભાવનાત્મક લાગણી બનાવી રાખવાના પ્રયત્નો કરીએ.. એકબીજાની જરૂરીઆત નું ધ્યાન રાખીએ. સમય સમય પર તેમની સાથે વાતચીત કરી તેમની લાગણીઓ સમજવાના પ્રયત્ન કરીએ. કોઇપણ વ્યકિત નું ધ્યાન રાખવાથી તેમના પ્રત્યેનો પ્રેમ અને જવાબદારી વ્યકત કરી શકાય.

પરિવારમાં ભલે લડવું-ઝઘડવું પડે, પણ વાતચીત બંધ ન કરીએ. કારણ કે વાતચીત બંધ કરવાથી સમાધાનના બધા જ દરવાજા બંધ થઇ જાય છે. ગુસ્સો ખરાબ નથી પણ ગુસ્સા પછી માણસ જે વેરભાવ પેદા કરે છે તે ખરાબ હોય છે. ગુસ્સો તો બાળકો પણ કરે પરંતુ તે વેર નથી રાખતાં..

જીવ માત્રને નડવાનું છેતરવાનું બંધ કરીએ. પાડોશી કે સગાવ્હાલાંની કૂથલી કરવાનું ટાળી તેમને સહાયરૂપ બની શકીએ પણ તેમની મુશ્કેલી વધારવાનું ટાળીએ..

પ્રમાણસર મહત્વકાંક્ષા અને આશાવાદનું સ્વસ્થ સંતુલન જીવનને તાજગી અને ગતિ આપે છે. માનસિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ પણ સ્વમાં સુધારણા તરફ સતત પ્રયત્નશીલ રહીએ. પૌષ્ટિક અને સંતુલિત આહાર, કસરત, મેડિટેશન, યોગા, સારા મિત્રોની સોબત તેમજ સંગીત જેવા કોઇપણ શોખનું જીવનમાં હોવું એ આપણાં અસ્તિત્વને મહેકાવી દે છે.

દુનિયામાં કહેનારાઓની કમી નથી તેમની વાતો સાંભળી કડવા ઘૂંટડા પીને જીવવાની અને હસવાની ટેવ પાડીએ. પોતાની બુરાઇ સાંભળવાની ટેવ પાડીએ અને હિંમત એકઠી કરી રાખીએ. કારણ કે આલોચક આપણી જિંદગી માટે સાબુ-પાણીનું કામ કરે છે.

વૃધ્ધોની સંગત કરીએ, એમની સાથે હસતા રમતા રહીએ, વાતચીત કરીએ, સાથે જમીએ, કારણ કે તેમના ચહેરાની એક એક કરચલીઓમાં હજાર હજાર અનુભવો લખેલા હોય છે. તેમના ધ્રુજતા હાથ, હાલતી ગરદન, લડખડાતા પગ અને મુરઝાયેલા ચહેરો સંદેશ આપે છે કે જે પણ શુભ કરવું હોય તે આજે, અત્યારે જ કરી લઇએ. કાલે કશું જ નહી કરી શકીએ

જીવનને સ્વર્ગ બનાવવાની ઇચ્છા હોય તો પતિ-પત્નિ, સાસુ-વહુએ પરસ્પર એવો કરાર કરી રાખીએ કે એક અગ્નિ બને તો બીજો પાણી બને. ક્રોધ આગ છે આપણાં ઘરમાં સહનશીલતા અને શાંતિનું જળ હંમેશા તૈયાર રાખીએ...

## નવયુગ ભેટ

રૂા. ૫૦/- અંકલેશ્વર નિવાસી શ્રી વિશાલભાઇ વિનોદભાઇ પંચોલી તરફથી

રૂા. ૧૫૦/-સુરત નિવાસી ત્રિવેણીબેન ઇન્દ્રવદનભાઇ પંચોલી તરફથી સ્વ. ઇન્દ્રવદભાઇ પંચોલીની પૂણ્યતિથિ નિમિત્તે.



## અનુકરણિય

સુરત નિવાસી શ્રી રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી તથા પરિવાર તરફથી શ્રીમતિ ઇન્દુબેન રાજેન્દ્રભાઇ મિસ્ત્રીની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૧૦૦૦/- ની ભેટ નવયુગને મળી........

મુંબઇ-ગોરેગામ નિવાસી શ્રીમતિ પરેશબેન તથા શ્રી નૈનેશભાઇ અમ્રતલાલ મિસ્ત્રી તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે રૂા. ૫૦૧/- નવયુગને ભેટ મળી.

દાતાશ્રીઓ નો ખૂબ ખૂબ આભાર માની ભેટ સહર્ષ સ્વીકારી છે.....

## અનુકરણિય

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ને સ્વ.સન્મુખલાલ વાડીલાલ ગાંધી તથા સ્વર્ગસ્થ કિરીટભાઇ સન્મુખ લાલ ગાંધી (નવાપુરવાળા ) ના સ્મરણાર્થ ગં. સ્વ .સુશીલાબેન ગાંધી અને દીપકભાઇ એસ ગાંધી* તથા પરિવારજનો તરફથી વિધવા નિરાધાર સહાય માટે વ્યાજ વપરાશ ફંડ માં ₹51,000 દાન આપેલ છે દાતાઓનો
પંચોલી સેવા સમાજ મહામંડળ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે

બર્મિંગહામ યુ.કે. ના શ્રી ધીરજલાલ ભગવાનદાસ પંચોલી તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને સ્ટીલનો કબાટ ભેટ મળ્યો છે. પંચોલી સેવા સમાજ મહામંડળ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે

## અભિનંદન

### પંચોલી પંચ બિલીમોરા




બિલીમોરા મહિલા મંડળના પ્રમુખ તથા મહામંડળ મહિલા મંડળના માજી પ્રમુખ શ્રીમતી શોભાબહેન કિશોરભાઈ મિસ્ત્રીના પ્રથમ સ્વતંત્ર પુસ્તક પુષ્પાની શોભા તથા સહિયારું પુસ્તક વાર્તાઓનો રસથાળ નું વિમોચન તા.૧૭/૧૨/૨૦૨૩ ને રવિવારે ઊંઝા મુકામે શબ્દ વાવેતર એક પરિવારના નેજા હેઠળ તથા બહોળી સંખ્યામાં પુસ્તક પ્રેમીઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું. બિલીમોરા પંચોલી સમાજના સભ્યોએ 3 જી જાન્યુઆરીના રોજ મળેલી સમાજની સામાન્ય સભામાં તેમનું ફુલહાર તથા ભેટ આપી સન્માન કર્યું હતું.

## ઢાલ



બેલા અને રંજન, જાણે એક સીકકાની બે બાજુ. જયારે જુઓ ત્યારે સાથે અને સાથે જ હોય. બાળમંદિર થી કોલસજ સુધીનો અભ્યાસ સાથે જ કર્યો. એક વગર બીજાની કલ્પના પણ ના થઇ શકે.બન્ને ઘરના પણ ખુશ કે ચાલો એકબીજાનું વળગણ છે તો સારું છે. એ બહાને કોઇ છોકરા સાથે દોસ્તી તો નથી. બન્ને એકબીજામાં મસ્ત. નાનપણમાં ધિંગામસ્તી કરતાં તેવી જ યુવાની ફુટી પછી પણ ચાલુ જ રહી. એ મસ્તીમાં બન્ને એ શારીરિક ભૂખ માટે બહાર નજર ના દોડાવવી પડી. વડીલોની નચિંતતા બન્ને માટે ઢાલ બની ગઇ

-શોભા કિશોરભાઇ મિસ્ત્રી-'અક્ષય' બિલીમોરા(હાલ દુબઇ)


# એકવાર જાવુ હરિના ધામમાં



નવાપુર નિવાસી કૈલાસબેન દિલીપભાઇ પંચોલી તા. ૨૬. ૨. ૨૦૨૪ના રોજ હરિના ધામમાં ગયા



જબુગામ નિવાસી શ્રી પંચોલી સેવા સમાજ-જબુગામ ના પ્રમુખ શ્રી રૂપેશભાઇ સુંદરલાલ પંચોલીના માતુશ્રી શ્રીમતિ રતિકાંતાબેન સુંદરલાલ પંચોલી તા. ૫.૦૩.૨૦૨૪ના રોજ હરિના ધામમાં ગયા ઉ.વ. : ૭૦



વ્યારા નિવાસી તથા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજી પ્રમુખ, નવયુગના પ્રથમ તંત્રીશ્રી, વ્યારા એકમના ટ્રસ્ટી એવા પ્રશાંતભાઇ વિઠ્ઠલદાસ ગાંધી તા. ૦૨.૦૪.૨૦૨૪ ના રોજ હરીના ધામમાં ગયા.
ઉ.વ. ૮૮




વ્યારા નિવાસી શારદાબેન જમનાદાસ પંચોલી તા. ૨૯.૦૨. ૨૦૨૪ના રોજ હરિના ધામમાં ગયા



વ્યારા નિવાસી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજીપ્રમુખ શ્રી નવિનભાઇ વી. પંચોલીના માતુશ્રી માનનીય મદનબેન વિઠ્ઠલદાસ પંચોલી તા. ૧૬.૦૩.૨૦૨૪ના રોજ હરિના ધામમાં ગયા



વ્યારા નિવાસી અતુલકુમાર ભીખુભાઇ પંચોલી તા. ૨૬.૦૪. ૨૦૨૪ના રોજ હરિના ધામમાં ગયા



પાવી જેતપુર નિવાસી તથા પાવી જેતપુર એકમના પ્રમુખશ્રી ગણપતભાઇ ભટાભાઇ પંચોલી તા. ૨. ૪. ૨૦૨૪ના રોજ હરિના ધામમાં ગયા

**Book-Post**
**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**